આઈટી રિટર્ન, આધાર-પાન લિન્ક કરવાની ૩૦ જૂન સુધી લંબાવાઈ

૩ મહિના સુધી કોઈ પણ એટીએમમાંથી પૈસા કાઢવાનો ચાર્જ નહીં આપવો પડે- ખાતામાં મિનિમમ બેલેન્સ રાખવું પણ જરૂરી નહીં

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઈક્રમ ટેક્સ ફાઈલ કરવા માટેની છેલ્લી તારીખ ૩૦ જૂન સુધી વધારવામાં આવી

ટીડીએસ મોડો ચુકવવા પર ભરવું પડતું વ્યાજ ૧૨ ટકાથી ઘટાડીને ૯ ટકા કરવામાં આવ્યું છે : જીએસટી રિટર્ન ભરવા માટે ૩ મહિનાનો સમય આપ્યો

નવી દિલ્હી, તા.૨૪

કોરોના વાયરસ સામે અર્થતંત્રને વધુ મુશ્કેલમાંથી બચાવવા એક પછી એક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે જેના ભાગરુપે આજે પણ અનેક નિર્ણયો લેવામાં આવ્યા હતા. આર્થિક પેકેજના બુસ્ટર તરીકે પણ આને જોવામાં આવે છે. નાણામંત્રી નિર્મલા સીતારામને આજે આનો સંકેત આપ્યો હતો. ઈકોનોમીને આર્થિક પેકેજનું બુસ્ટર પણ આપવામાં આવનાર છે. વિડિયો કોન્ફરન્સ મારફતે તેમણે કહ્યું હતું કે, આર્થિક પેકેજ તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં જ આની જાહેરાત કરાશે. હાલમાં સરકાર તરફથી ઉદ્યોગ જગત અને સામાન્ય લોકો માટે કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરવામાં આવી રહી છે. ભારતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૫૦૦થી ઉપર પહોંચી ચુકી છે અને નવ લોકોના મોત થઈ ચુકયા છે. વિડિયો કોન્પરન્સિગ મારફતે નિર્મલા સીતારામને અનેક જાહેરાતો કરી હતી. તેમણે કહ્યું હતું કે, ડિજિટલ ટ્રેડ માટે બેંક ચાર્જ ઘટાડવામાં આવ્યા છે. આનો મુખ્ય ઈરાદો ડિજિટલ ટ્રાન્ઝિક્શનને પ્રોત્સાહન આપવાનો રહેલો છે. નવી કંપનીઓને ડિકલેરેશન માટે વધુ છ મહિનાનો સમય આપવામાં આવનાર છે. કંપનીઓને બળજબરીપૂર્વક ઈનસોલ્વેન્સીમાં જવાથી બચાવવામાં આવશે. સબકા વિશ્વાસ સ્કીમ ખુબ જ સફળ સાબિત થઈ છે. આ સ્કીમ હેઠળ ૩૦મી જૂન સુધી પેમેન્ટ કરવામાં આવી શકે છે. આ પહેલા આ સ્કીમની અંતિમ તારીખ ૩૧મી માર્ચ હતી. ત્યારબાદ પેમેન્ટ કરવા પર કોઈ દંડ લાગૂ થશે નહીં. કોર્પોરેટને રાહત આપતા કહેવામાં આવ્યું છે કે, બોર્ડ બેઠક ૬૦ દિવસ માટે ટાળી શકાય છે. આ રાહત હાલમાં આગામી બે ત્રિમાસિક ગાળા માટે રહેશે. પાંચ કરોડ સુધી ટર્ન ઓવરવાળી કંપનીઓ માટે જીએસટી રિટર્ન ફાઈલ કરવામાં વિલંબ થવાની સ્થિતિમાં કોઈ દંડ લાગૂ કરવામાં આવશે નહીં. ટીડીએસ ઉપર વ્યાજદરને ૧૮ ટકાથી ઘટાડીને ૯ ટકા કરવાનો નિર્ણય કરાયો છે. ૩૦મી જૂન ૨૦૨૦ સુધી કસ્ટમ ક્લિયરન્સની સુવિધા મળતી રહેશે. માર્ચ અને એપ્રિલ અને મે મહિના માટે જીએસટી રિટર્ન ભરવાની તારીખ વધારીને ૩૦મી જૂન કરી દેવામાં આવી છે. વિવાદ સે વિશ્વાસ સ્કીમને પણ ૩૦મી જૂન સુધી કરી દેવામાં આવી છે. ૩૧મી માર્ચ બાદ ૩૦મી જૂન સુધી હવે કોઈ ચાર્જ લાગૂ થશે નહીં. આધાર-પેન લિંક કરવાની છેલ્લી તારીખ ૩૦મી જૂન ૨૦૨૦ સુધી કરી દેવામાં આવી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની અંતિમ તારીખ ૩૦મી જૂન કરી દેવામાં આવી છે. સરકારે સાફ શબ્દોમાં કહ્યું છે કે, કોરોના વાયરસ સાથે જોડાયેલા કાર્યોમાં હવે સીએસઆર ફંડ આપી શકાય છે. એટલે કે આ ફંડનો ઉપયોગ હવે કોરોના સામેની લડાઈમાં કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, દેશમાં કોરોનાનો ફેલાવો થઈ રહ્યો છે ત્યારે સરકાર દ્વારા પહેલાથી જ અનેક નિર્ણયો કરવામાં આવી ચુક્યા છે. કોરોના સામેની લડાઈમાં ખર્ચ કરવામાં આવેલા ફંડને સીએસઆર એક્ટિવીટી હેઠળ ગણવામાં આવશે. ટૂંક સમયમાં જ કોરોના વાયરસથી પ્રભાવિત સેક્ટરો માટે રાહત પેકેજની જાહેરાત કરવામાં આવશે. સેબી અને રિઝર્વ બેંક તરફથી પણ કોઈ મોટી રાહત કરવામાં આવી શકે છે.

કેન્દ્રના નિર્ણય : હાઈલાઈટ્સ

કોરોના વાયરસ સામે અર્થતંત્રને વધુ મુશ્કેલમાંથી બચાવવા એક પછી એક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે જેના ભાગરુપે આજે પણ અનેક નિર્ણયો લેવામાં આવ્યા હતા. આર્થિક પેકેજના બુસ્ટર તરીકે પણ આને જોવામાં આવે છે. નાણામંત્રી નિર્મલા સીતારામને આજે આનો સંકેત આપ્યો હતો. ઈકોનોમીને આર્થિક પેકેજનું બુસ્ટર પણ આપવામાં આવનાર છે. કેન્દ્ર સરકાર દ્વારા એક પછી એક શ્રેણીબદ્ધ નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. કેન્દ્રના નિર્ણયો નીચે મુજબ છે.

- પાંચ કરોડ રૂપિયા સુધીના ટર્નઓવરવાળી કંપની દ્વારા લેઈટ જીએસટી રિટર્ન ફાઈલ કરવા પર કોઈ વ્યાજ લાગશે નહીં અને દંડ પણ લાગશે નહીં
- કસ્ટમ ક્લિયરન્સ હવે જરૂરી સેવા તરીકે રહેશે. ૩૦મી જૂન ૨૦૨૦ સુધી ૨૪ કલાક ઓપરેટ થશે
- આગામી ત્રણ મહિના સુધી એટલે કે ૩૦મી જૂન ૨૦૨૦ સુધી ડેબિટ કાર્ડથી કોઈપણ પ્રકારની બેંકના એટીએમથી પૈસા ઉપાડી શકશે. કોઈ ચાર્જ લાગૂ થશે નહીં
- મિનિમમ એકાઉન્ટ બેલેન્સ ત્રણ મહિના માટે જરૂરી રહેશે નહીં
- ડિજિટલ ટ્રેડને પ્રોત્સાહન આપવા માટે બેંક ચાર્જને ઘટોડવામાં આવ્યો છે
- નવી કંપનીઓને ડિક્લેરેશન માટે છ મહિનાનો સમય મળશે
- કંપનીઓને બળજબરીપૂર્વક ઈનસોલવન્સીમાં જવાથી બચાવવામાં આવશે
- સફળ સાબિત થઈ રહેલી સબકા વિશ્વાસ હેઠળ ૩૦મી જૂન સુધી પેમેન્ટ કરી શકાશે. આ પહેલા આ સ્કીમની છેલ્લી તારીખ ૩૧મી માર્ચ હતી. હવે પેમેન્ટ કરવા પર કોઈ દંડ લાગૂ થશે નહીં
- કોર્પોરેટને રાહત આપતા જણાવવામાં આવ્યું છે કે, બોર્ડ બેંક ૬૦ દિવસ માટે ટાળી શકાય છે. હજુ આ રાહત આગામી બે ત્રિમાસિક ગાળા માટે રહેલી છે
- પાંચ કરોડ સુધી ટર્ન ઓવરવાળી કંપનીઓ ઉપર કોઈ તકલીફને ટાળવા માટે તેમની બાબતોને ધ્યાનમાં લેવામાં આવશે
- ટીડીએસ પર વ્યાજ ૧૮ ટકાથી ઘટાડીને ૯ ટકા કરવામાં આવ્યું
- માર્ચ-એપ્રિલ-મે મહિના માટે જીએસટી રિટર્ન ભરવાની તારીખ ૩૦મી જૂન કરાઈ
- આધાર-પેન લિંક કરવાની તારીખ પણ વધારીને ૩૦મી જૂન ૨૦૨૦ કરાઈ
- નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની તારીખ ૩૦મી જૂન કરાઈ

કોઈપણ બેંકના એટીએમથી પૈસા ઉપાડવા પર ચાર્જ નહીં

નવીદિલ્હી, તા. ૨૪

કોરોના વાયરસ સામે લડવાના હેતુસર એક પછી એક નિર્ણયો કરવામાં આવી રહ્યા છે જેના ભાગરુપે આજે સરકારે કેટલાક નિર્ણયો કર્યા હતા. આઈટીઆર ફાઈલિંગથી લઈને પેન-આધાર લિંકિંગ સુધી અનેક નાણાંકીય મહેતલોને વધારીને ૩૦મી જૂન કરી દેવામાં આવી છે. આ ઉપરાંત વધુ એક મોટો નિર્ણય મુશ્કેલ સમયમાં પ્રજામાં લેવામાં આવ્યો છે. આ નિર્ણય એ છે કે, હવે કોઈપણ બેંકના એટીએમમાંથી પૈસા ઉપાડવા ઉપર કોઈપણ ફી લાગશે નહીં. નાણામંત્રીના આ નિર્ણય મુજબ ડેબિટ કાર્ડ ધારક આગામી ત્રણ મહિના સુધી કોઈપણ બેંકને એટીએમમાંથી પૈસા ઉપાડી શકશે જેના ઉપર કોઈપણ ચાર્જ લાગૂ થશે નહીં. સાથે સાથે કેટલાક મહિના સુધી બેંક ખાતામાં મિનિમમ બેલેન્સની શરત પણ દૂર કરી દેવામાં આવી છે. કોરોના કટોકટી વચ્ચે પૈસાની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે લોકો નજીકના કોઈપણ એટીએમમાંથી પૈસા ઉપાડી કરશે. નાણામંત્રીની આ જાહેરાતથી તમામ બેંકોના ખાતાધારકોને મોટી રાહત થઈ છે. કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે લોકો લોકડાઉનની સ્થિતિ વચ્ચે બહાર નિકળી શકતા નથી. આવી સ્થિતિમાં પૈસાની જરૂરિયાતને પૂર્ણ કરવા વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. નાણાંકીય વર્ષ માટે અન્ય કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો પણ આજે લેવામાં આવ્યા હતા. આ સંદર્ભમાં નાણામંત્રી નિર્મલા સીતારામન અને નાણા રાજ્યમંત્રી અનુરાગ ઠાકુરે તમામ માહિતી આપી હતી. સાથે સાથે કોરોના સામે લડવા માટે લેવામાં આવી રહેલા પગલા અંગે વધુ રાહત આપવાના સંકેત પણ આપ્યા હતા. કોરોનાની સ્થિતિને ધ્યાનમાં લઈને કોઈપણ પ્રકારની તકલીફ કોઈને ન થાય તે દિશામાં વિવિધ પગલા લેવાઈ રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના પ્રજાજનો બેદરકાર

લોકડાઉનમાં પણ વાહનો લઈ દોડાદોડ : પોલીસતંત્ર અમલવારી માટે ભારે મથામણ

મોડાસા, તા. ૨૪

કોરોના નામની મહામારી સામે જંગ લડવા રાજ્ય સરકાર બનતા પ્રયત્નો કરી રહી છે. કોરોનને ફેલાતો અટકાવવા ગુજરાતના ગૃહ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં મધ્ય રાત્રિથી જ લોકડાઉનની જાહેરાત કરી હતી. અરવલ્લી જીલ્લામાં કોરોના વાઈરસ અંગે વહીવટી અને આરોગ્યતંત્ર સતત કામીગીરી કરી રહી છે, બીજીબાજુ અરવલ્લી જીલ્લામાં કેટલાક લોકોએ કોરોના અંગે બેદરકાર હોય તેમ ખુલ્લેઆમ માર્ગો પરથી વાહનો લઈ દોડાદોડ કરતા નજરે ચઢ્યા હતા. પોલીસતંત્રે લોકડાઉનની અમલવારી માટે ભારે પરસેવો પાડવો પડ્યો હતો. મોડાસા શહેરના ચાર રસ્તા સહીત તમામ પ્રવેશદ્વારોએ બેરિકેડ ગોઠવી બેરીકેટ લગાવી વાહનચાલકોને અટકાવ્યા હતા. પોલીસે વાહનચાલકો સાથે ઘર્ષણમાં ઉતર્યા વગર વાહનચાલકોને સમજ આપી હતી તેમ છતાં ન માનતા ડંડાની ભાષામાં પણ કેટલાક વાહનચાલકોને સમજાવવાની ફરજ પડી હતી.

અરવલ્લી જીલ્લામાં લોકડાઉન હોવા છતાં કેટલાક લોકો જીલ્લાના માર્ગો પર બિન્દાસ્ત વાહનોમાં પસાર થતા જોવા મળ્યા હતા. જીલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે આજે વહેલી સવારથી ચારે તરફના રસ્તે બેરિકેટ મૂકી અને પોલીસ દ્વારા લોકડાઉન કરવામાં આવ્યું છે તેમ છતાં કેટલાક દ્વિ ચક્રીય વાહનચાલકો બિન્દાસ્ત શહેરના માર્ગો પર માસ્ક પહેર્યા વગર આંટાફેરા મારતા નજરે ચઢ્યા હતા. પોલીસતંત્ર સતત વાહનચાલકોને લોકડાઉનમાં સહયોગ આપવા સમજ આપી હતી. મોડાસા શહેરમાં પ્રવેશતા તમામ નાના-મોટા વાહનચાલકોને અગત્યના કામ સિવાય પ્રવેશ કરવા દીધો ન હતો. સરકારી કર્મચારી કે અન્ય આવશ્યક સંસ્થાના કર્મચારીઓને જાહેરનામામાં દર્શાવ્યા મુજબ આઈડી પ્રુફ ચેક કર્યા બાદ પ્રવેશ આપવામાં આવ્યો હતો. કોરોના મહામારીને વધતા અટકાવી તેની સામે રક્ષણ મેળવવાના કડકમાં કડક પગલાં પોલીસ અને વહીવટી તંત્ર લઈ રહ્યું છે.

કોરોના વાયરસની મહામારી સામે લડવા સરકાર ફંડ ઉભુ કરે : અહમદ પટેલ

ગાંધીનગર, તા. ૨૪

કોરોના વાયરસની મહામારી સામે લડવા માટે ભારત સરકારે ખાસ ફંડ ઉભુ કરવુ જોઈએ તેવી માંગ ગુજરાતના રાજ્યસભાના સાંસદ અહમદ પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં કરી છે.

તેમણે રાષ્ટ્રમાં ગરીબોને અનાજનો પુરવઠો મળી રહે તે માટે ફૂડ સિક્યોરોટી એક્ટ હેઠળ વ્યવસ્થા કરવા જણાવ્યુ છે. તેમણે જનધન યોજનાના ખાતા-ધારકોને રોકડ સહાય આપવા પણ સૂચવ્યુ છે અને તે રકમ તેમના ખાતામાં જણા કરવા જણાવ્યુ છે.

દરમ્યાન શ્રી પટેલે સાંસદ તરીકે મળતી તેમની ગ્રાન્ટમાંથી રૂ. એક કરોડ પ્રધાનમંત્રી રાહતફંડમાં જમા કરવા માટે રાજ્યસભાના સભાપતિ અને ઉપરાષ્ટ્રપતિ વૈકેયા નાયડુને પત્ર લખી જાણ કરી છે.

શ્રી પટેલે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પણ અલગથી પત્ર લખી રાજ્યમાં કચડાયેલા અને અન્ય ગરીબી રેખા નીચે જીવતા લોકો જે આ રોગના પ્રકોપને લીધે ધંધા-રોજગારીના અભાવે બેહાલી અને ભુખમરાથી પરેશાન ન થાય તેટલા માટે જાહેર વિતરણ વ્યવસ્થા મારફત જરૂરિયાતવાળા ગરીબ લોકોને અનાજ ખાંડ તેલ અને અન્ય જીવન જરૂરિયાતની વસ્તુ વિના મૂલ્યે ઉપલબ્ધ થાય તે માટે પગલા લેવા માટે ખાસ વિનંતી કરી છે.

તેમણે સેનેટાઈઝર અને માસ્કનું વિતરણ પણ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવા જણાવ્યુ છે.

૨૧ દિવસ માટે લોકડાઉન... ● પહેલા પાનાનું ચાલુ

દેશવાસીઓને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે, હાલમાં બહાર નિકળવાનું લોકોને ભુલી જવાની જરૂર છે. દેશને બચાવવા માટે આવા કઠોર નિર્ણય લેવાની જરૂર છે. મોદીએ કહ્યું હતું કે, ૨૧ દિવસના ગાળા દરમિયાન કોઈપણ વ્યક્તિ રોડ પર નિકળવી જોઈએ નહીં. મોદીએ કહ્યું હતું કે, ઘરની બહાર પડનાર એક પગલું ખુબ ખતરનાક સાબિત થઈ શકે છે. બિમારીના લક્ષણ દરમિયાન પણ સાવચેતી રાખવાની જરૂર છે. કોઈપણ અફવા અને અંધવિશ્વાસથી પણ બચવાની જરૂર છે. હેલ્થકેર સર્વોચ્ચ પ્રાથમિકતા રહે તે જરૂરી છે. સોસાયટી, મોહલ્લા, માર્ગો અને જાહેર સ્થળોને સેનિટાઈઝ કરવા માટે કામમાં લાગેલા છે તેમના માટે પ્રાર્થના કરવાની જરૂર છે. તબીબો, પેરામેડિકલ સ્ટાફના લોકો એક-એક વ્યક્તિને બચાવવામાં લાગેલા છે. અમારી સામે આજ એક માર્ગ છે. બીજા વિકલ્પ રહેલા નથી. અન્ય કોઈ વિકલ્પ નહીં હોવાની વાત તેઓએ કરી હતી. મોદીએ આંકડાની વાત કરતા કહ્યું હતું કે, પહેલા એક લાખ લોકોને અસરગ્રસ્ત થવામાં ૬૭ દિવસ લાગ્યા હતા. ત્યારબાદ બે લાખ સુધી પહોંચવામાં ૧૧ દિવસ લાગ્યા હતા. બે લાખ લોકોથી ત્રણ લાખ સુધી આ બિમારી પહોંચવામાં માત્ર ચાર દિવસનો સમયગાળો લાગ્યો છે.

કહેર યથાવત્... ● પહેલા પાનાનું ચાલુ

પાંચ રાજ્યોમાં કર્ફ્યૂ લાગુ કરવામાં આવ્યો છે. દેશભરમાં લોકડાઉન અને કર્ફ્યૂ લાગુ કરવા માટે પોલીસ રસ્તાઓ પર છે. પોલીસ બેરિકેડિંગ કરીને માત્ર જરૂરી કામો માટે લોકોને અવર જવર કરવા માટેની મંજૂરી આપી રહી છે. દિલ્હીમાં સોમવારે લોકડાઉનના પહેલા દિવસે ઉલ્લંઘન કરવા પર ૧૦૧૨ લોકો પર કેસ નોંધવામાં આવ્યા છે. આ સાથે જ આંધ્રપ્રદેશ સરકારે કહ્યું છે કે વિદેશથી પાછા આવેલા લોકોની ઓળખ માટે મેડિકલની ટીમો લોકોની ઘરે ઘરે જઈને તપાસ કરશે.

ત્રણ રાજ્યો ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને ઓરિસ્સાએ તેના ઘણા શહેરોને લોકડાઉન કર્યા છે. દેશના ૫૭૭ જિલ્લા આ દાયરામાં આવે છે. સાથે જ મહારાષ્ટ્ર, પંજાબ, પુડુચેરી અને રાજસ્થાનમાં કર્ફ્યૂ લગાવવાની જાહેરાત કરવામાં આવી છે. મધ્યપ્રદેશના ભોપાલ અને જબલપુરમાં સોમવારે અડધી રાતથી કર્ફ્યૂ લાગુ કરી દેવાયો છે.

નવા ૨૨ કેસ નોંધાવાની સાથે જો એક્ટિવ કેસ (હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દી) ૪૪૬ છે. ૩૬ લોકો સાજા થઈ જતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ૨૩ માર્ચે કહ્યું હતું કે આજે અડધી રાતથી પુરા રાજ્યમાં કરફ્યૂ લગાવવામાં આવશે કારણ કે કોરોના વાયરસ વિરૂદ્ધ મુકાબલો મહત્વના પડાવ પર પહોચી ગયો છે.

કોરોનાના સકંજામાં... ● પહેલા પાનાનું ચાલુ

વાયરસના કારણે ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ, છિનજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે. સૌથી વધારે પ્રભાવિત વિસ્તારોમાં યુબેઈ પ્રાંત છે. ઈટાલી, ઈરાન, અમેરિકા સહિતના દેશોમાં મોતનો આંકડો અતિઝડપથી વધી રહ્યો છે. તમામ જગ્યા પર કોરોના વાયરસ બેકાબૂ છે. સ્થિતિને કાબૂમાં લેવાના તમામ પ્રયાસો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. ચીનમાં કુલ કેસોની સંખ્યા ૮૧૧૭૧ રહી છે. નવા ૭૮ કેસો સપાટી પર આવ્યા છે. ચીનમાં છેલ્લા ૨૪ કલાકમાં ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓ પૈકી વધુ સાત દર્દીના મોત થતા મોતનો આંકડો વધીને ૩૨૭૭ સુધી પહોંચી ગયો છે. કોરોના વાયરસનો કાળો કેર દુનિયાના દેશોમાં જારી રહ્યો છે. ચીન સરકાર દ્વારા યુદ્ધના ધોરણે પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં વાયરસ પર સંપૂર્ણ કાબુ મેળવી શકાયો નથી. સ્થિતી ચીનમાં સુધરી રહી છે. દેશમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો.યુરોપ અને અન્ય દેશોમાં કેસોની સંખ્યા વધારે ઝડપથી વધી રહી છે. દુનિયાના દેશોમાં હાલમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી. માત્ર ચીનમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. જેમાં ભારત પણ સામેલ છે. અલબત્ત નવા કેસોની સંખ્યા ઘટી છે પરંતુ હજુ કેસો દરરોજ હજારો નોંધાઈ રહ્યા છે.વધુને વધુ દેશો તેના વિકરાળ સકંજામાં આવી રહ્યા છે. ઈટાલીમાં કાળો કેર જારી છે.

હંટા વાયરસ... ● પહેલા પાનાનું ચાલુ

ચર્ચા વચ્ચે કેટલીક વિગતો સપાટી ઉપર આવી રહી છે. મોટી સંખ્યામાં લોકો ટ્વિટર પર માહિતી પણ આપી રહ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે, કોરોના વાયરસની જેમ હન્ટા વાયરસ એટલો ખતરનાક નથી. આ વાયરસ ઉંદર અથવા તો અન્ય પ્રાણીઓના સંપર્કમાં વ્યક્તિ આવે તો થાય છે. સેન્ટર ફોર ડિઝિસ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શનના કહેવા મુજબ ઉંદરોના ઘરની અંદર અને બહાર કરવાથી હન્ટા વાયરસના ઈન્ફેક્શનનો ખતરો રહે છે. જો કોઈ સ્વસ્થ વ્યક્તિ છે તો પણ હન્ટા વાયરસના સંપર્કમાં આવે છે તો ખતરો રહે છે. જો કે, આ વાયરસ એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાતો નથી પરંતુ ઉંદરથી આ વાયરસ ફેલાય છે. આ વાયરસમાં પણ તાવ, માથામાં દુખાવા, પેટમાં દુખાવાની ફરિયાદ રહે છે. મોડેથી સારવાર કરવામાં આવે તો અસરગ્રસ્ત વ્યક્તિના ફેફસામાં પાણી ભરાય છે અને શ્વાસ લેવામાં તકલીફ થાય છે. સીડીસીના આંકડા મુજબ આ વાયરસ જીવલેણ છે. અસરગ્રસ્ત લોકોના મૃત્યુનો દર ૩૮ ટકા છે. ચીનમાં હન્ટા વાયરસનો મામલો એવા સમયમાં સપાટી ઉપર આવ્યો છે જ્યારે દુનિયાભરમાં ૧૭૦૦૦ જેટલા લોકોના મોત કોરોના વાયરસથી થઈ ચુક્યા છે અને ૧૯૬ દેશોમાં તેનો આતંક છે. કેસો સતત વધી રહ્યા છે.

ચૂંટણી મોકૂફ ● પહેલા પાનાનું ચાલુ

તારીખ જાહેર કરવામાં આવશે. ૨૫મી ફેબ્રુઆરીના દિવસે ૧૭ રાજ્યોની ૫૫ રાજ્યસભા સીટ માટે ૨૬મી માર્ચના દિવસે ચૂંટણી માટેની જાહેરાત કરવામાં આવી હતી. પૂર્વ નિર્ધારિત ચૂંટણી કાર્યક્રમ હેઠળ આયોજન થઈ શક્યું નથી. હવે નવેસરથી ગણતરી કરવામાં આવનાર છે. ૧૮મી માર્ચના દિવસે ઉમેદવારી પરત લેવાની અંતિમ તારીખ બાદ ૧૦ રાજ્યોની ૩૭ સીટો માટે એક એક ઉમેદવારી હોવાના લીધે આ સીટો પર કોઈપણ ચૂંટણી વગર ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરી દેવાયા છે. પંચની સૂચના મુજબ ગુજરાત, આંધ્ર, ઝારખંડ, મધ્યપ્રદેશ, મણિપુર, મેઘાલય અને રાજસ્થાનની ૧૮ સીટો ઉપર ૨૬મી માર્ચના દિવસે મતદાન થનાર હતું. વિશેષ પરિસ્થિતિના કારણે ચૂંટણી પંચે આ નિર્ણય કર્યો છે.

કોરોનામા લોકડાઉનનો ફાયદો ઉઠાવતા કેટલાક લેભાગુ કિરાણા સ્ટોરના વેપારીઓ

મોડાસા માર્કેટયાર્ડમાં કરિયાણાના વેપારીને ત્યાં પુરવઠા વિભાગ ત્રાટક્યું

મોડાસા, તા. ૨૪

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર અને ભયનો આતંક સર્જનાર કોરોના વાઈરસ ઝડપથી પ્રસરતો અટકાવવા રવિવારે સમગ્ર દેશમાં દેશવાસીઓએ જનતા કર્ફ્યુ રાખ્યો હતો. સોમવારે મધ્યરાત્રીએ રાજ્યમાં કોરોના વાઈરસના કેસમાં નોંધપાત્ર વધારો થતા લોકડાઉન કરવાની ફરજ પડી છે. કોરોના વાઈરસમાં માસ્ક અને સૅનેટાઈઝરની માંગમાં વધારો થતા કાળાબજાર થવાની સાથે તંગી સર્જાઈ હતી તેવી જ સ્થિતિ હવે કરિયાણામાં થઈ રહી હોવાની બૂમો ઉઠી છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કેટલાક લેભાગુ કિરાણા સ્ટોરના માલિકો મનફાવે તેમ બેફામ ભાવે જીવન જરૂરિયાત ચીજવસ્તુઓનું વેચાણ કરતા હોવાની બૂમો ઉઠી રહી છે.

અરવલ્લી જીલ્લા પુરવઠાતંત્રે મોડાસા માર્કેટયાર્ડમાં કિરાણાના જથ્થાબંધ વેપારીના ત્યાં તપાસ હાથ ધરી હતી. મોડાસા માર્કેટયાર્ડમાં આવેલી કિરાણા સ્ટોરના જથ્થાબંધ વેપારીઓના ત્યાં પુરવઠાતંત્રના અધિકારીઓ ત્રાટક્યા હતા અને જથ્થો અને ભાવ અંગે તપાસ હાથ ધરી હતી, હાલ તો પુરવઠાતંત્રના અધિકારીઓએ આ તપાસ રૂટિન હોવાનું અને જીલ્લાવાસીઓને જીવન જરૂરિયાત ચીજવસ્તુઓની તંગી ન સર્જાય તેની તકેદારીરૂપી વેપારીઓ સાથે ચર્ચા થઈ હોવાનું રટણ કર્યું હતું, ત્યારે પુરવઠાતંત્રની જિલ્લાવાસીઓને તકલીફ ન પડે તે માટે તપાસ હાથ ધરી હતી કે પછી અન્ય કોઈ કારણસર તે અંગેની ચર્ચાએ વેપારી આલમમાં જોર પકડ્યું હતું.

પુરવઠા તંત્રના અધિકારીઓની ઉપસ્થિતિ વચ્ચે જાગૃત નાગરિકે તેલના ડબ્બામાં લૂંટ થતી હોવાની બૂમો પાડી

મોડાસા માર્કેટયાર્ડમાં આવેલ જાણીતા કિરાણા સ્ટોરના માલિક દ્વારા કોરોના વાઈરસના ભય અને લોકડાઉનની સ્થિતિમાં માનવતા નેવે મૂકી તેલના ડબ્બામાં રૂ.૧૦૦થી ૧૫૦ વધુ લેવામાં આવતા હોવાની બૂમો ઉઠતા પુરવઠાતંત્ર ત્રાટક્યું હતું. પુરવઠાતંત્રના અધિકારીઓની ઉપસ્થિતિમાં જ જાગૃત નાગરીકે તેલના ડબ્બામાં વેપારી ઉઘાડી લૂંટ ચલાવતો હોવાની બૂમો પાડી હોવા છતાં તંત્રના અધિકારીઓના બહેરા કાને આ બુમ ન સંભળાઈ હોય તેમ તપાસના અંતે સબ સલામત હોવાનું પુરવઠાતંત્રના દરોડામાં બહાર આવ્યું હોવાની માહિતી પ્રાપ્ત થતા પુરવઠા તંત્રની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે ત્યારે જીલ્લા કલેક્ટર દ્વારા પુરવઠાતંત્રના દરોડાની સમીક્ષા કરવામાં આવે તે ખુબ જરૂરી બન્યું છે.